# 'નિયાંપો'

શ્રી કચ્છી મિત્ર મંડળ
હૈદરાબાદનુ મુખપત્ર

વર્ષ : ૧૫ અંક : ૧૭૩



પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪, ૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદક
**અરવિંદ કેશવજી છેડા**
ફોન : ૨૭૫૬૧૯૦૬, ૬૫૫૦૧૯૦૬
મો. ૯૩૯૧૦ ૦૭૨૭૭

સહ–સંપાદકો
**હંસકુમાર સાયલા**
ફોન : ૨૭૫૬૨૫૪૫, ૬૬૩૬૨૫૪૫

**વસંત પ્રાગજી શાહ**
ફોન : ૬૬૪૬૮૬૧૭

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩–૫–૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા, સુલતાન બજાર,
હૈદરાબાદ ૯૫ ફોન ૬૬ ૭૮૦ ૭૮૦


કીમત – રૂ. ૧/–


"નિયાંપો" માં પ્રગટ થતા કોઇ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઇ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

ધનજી લખમશી સાવલા

આપણું આંધ્ર પ્રદેશ એક પછી એક, દુર્ઘટનાઓની હારમાળથી સર્જાયેલ કપરા સમયકાળનો સામનો કરી રહેલ છે. આરંભનાં અનિયમિત તથા અપૂરતા વરસાદથી ઘણાં ક્ષેત્રોમાં દુષ્કાળ જેવી ખરાબ હાલતથી માંડી, અચાનક અને અણધારેલ અતિ વરસાદથી ઉપરવાસની નદીઓનાં અભૂતપૂર્વ પૂરનાં પ્રકોપે ભયંકર તારાજી વરેલ છે. તાત્કાલિક મદદથી માંડીને, જેમણે સર્વસ્વ ખોઇ દીધું છે. એવા નાગરિકો તથા તેમનાં ગામ, ઠામ અને શહેરોને પગભર કરવાનાં પુનઃવસાહતનાં જબ્બર ભગિરથ કામ માથે આવી પડયાં છે. તત્પર મદદ માટે, આંધ્રવાસીઓ ઉપરાંત રાષ્ટ્રભરમાંથી રાહત આવવી શરૂ થઇ છે. આપણાં મંડળ તરફથી તાત્કાલિક જરૂરીઆત માટે રૂા. ૭૫,૦૦૦/–નાં દાળ, અનાજ પાઠવેલ છે. તેવી જરીતે, સહુ એ પોતાની રીતે બનતી મદદ કરી છે.

ગત માસમાં, શિક્ષણ સમિતિ યોજિત ઉચ્ચગુણત્તા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીના પુરસ્કાર સમારોહમાં, સુવર્ણ–રજત પદકનાં દાતાઓ અને વિદ્યાર્થીઓના વડીલો ઉપસ્થિતિએ કાર્યક્રમને ચારચાંદથી દિપાવ્યો. સંચાલક શ્રી દીર્ગેશભાઇ નિસર તથા સાથી કાર્યકરોને આવા અભિનવ અને સુયોજિત કાર્યક્રમની સફળતા બદલ અભિનંદન. ઉપરાંત શાંતિવન સમિતિએ યોજેલ વરિષ્ઠ સભ્યોની રાસ ગરબા દાંડીયા હરિફાઇનાં યાદગાર આનંદભર્યા કાર્યક્રમમાં ભાગલેનાર અને વિજેતાઓને તથા સંચાલક શ્રી હંસકુમારભાઇ સાયલા અને સાથીદારોને અભિનંદન.

અનિયમિત ઋતુમાનના લીધે મુલત્વી રહેલ શરદોત્સવ ૨૦૦૯ સાથે દિપાવલી મિલનનો સંયુક્ત કાર્યક્રમ આગામી ૨૫ ઑક્ટોબરના યોજાશે. સહુ ઉમંગભર સહયોગી થશો.

# દિવાળી

તથા

# નૂતનવર્ષના



**સહર્ષ અભિનંદન સ્વીકારશો.**





# સંપાદકીય

સંપાદક : અરવિંદ કેશવજી છેડા
સહસંપાદકો : હંસકુમાર સાયલા, વસંત પી. શાહ

''નિયાંપો" માં વિવિધતા લાવવાનું પ્રયાસ છે. આં અંક મળતાં આપ સૌ વાચકો પૂરા જોશથી દિવાળીની તૈયારી કરતા હશો.

ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવો, આનંદ, ઉત્સાહ, ઉમંગમાં વધારો કરે છે. માનવ સંસ્કૃતિ ઉત્સવોની પરંપરાએ કુદરતી વાતાવરણ પ્રમાણે જોડાયેલી છે. ઋતુઓ, મોસમ, હવામાન પ્રમાણે ગોઠવાયેલા તહેવારો તન–મન પર એવી અસર અને મહિમા પાથરે છે કે જીવન–શૈલીમાં નિસર્ગ અસ્તિત્વનો અહેસાસ સતત થતો રહે છે.

ઉત્સવો સ્નેહમિલનના નિમિત બની સામાજીક–ધાર્મિક ભાવના પણ ખીલવે છે અને પોષે છે. દિવાળી પ્રસનતા અને પ્રકાશનો પર્વ છે. દીપાવલીના દીવડા બાહ્ય અને આંતરિક ઓજસ ને પ્રજ્જવલિત કરે છે.

ભગવાન મહાવીર આ શુભ દિને નિર્વાણ થયા એમનું નિર્વાણ અમાસની અંધારી રાતે તેજલીસોટો પાથરી ગયું જે સમગ્ર જગતને આંતરિક અંધારાથી જ્યોતિના માર્ગે લઈ ગયું. માનવ જીવનનું સાત્વીક દર્શન સાંપડી રહે તેવું પ્રકાશમાન દીવડો સદા ટમટમતો રહે એ પ્રાર્થના છે.

આ તહેવારો સુખી જીવનનું ધ્યેય યાદ કરાવે છે ત્યારે સામાન્યમાં સામાન્ય માણસ પણ પોતાની અનેક વિધ પીડાઓ ભુલી સંસ્કૃતિ મુજબ યથાશક્તિ તાદાત્મય થવા ઉમંગે પ્રયત્ન કરે છે. બધું ભુલી જઈ નવા વર્ષની સારપ ભાવે છે અને એક નવી આશા સાથે ફરી પાછો જીંદગીની રોજીંદી રફતારમાં જોડાઈ જાય છે.

આમ તો સૌની દોટ સુખ તરફ છે. સૌનું લક્ષ્ય ઉજળી આવતીકાલ તરફ છે. પરન્તુ ખરૂં સુખ અને ખરૂં લક્ષ્ય સૌને સહજ સાપડતું નથી. માણસ દરેક જાતના હિસાબ કિતાબ રાખે છે. જાળવે છે. મેળવે છે અને દરવર્ષે દિવાળીએ સરવૈયું કાઢી નફો અને નુકસાન તારવે છે. બસ એજ રફતારે જીવનનું પણ સરવૈયું કાઢવા બેસીએ તો આટલી દિવાળીઓ જોયા, જાણ્યા અને માણ્યા પછી ય શું મેળવ્યું – શું ગુમાવ્યું ? પ્રભુ મહાવીરે પરૂપેલ ધર્મ આલંબને આપણા જીવનમાં મુક્તિને કેરો મારગ ક્યાંય દેખાય છે ? એવા લક્ષ્યનો હરહમેંશ ભાન રહે એટલું પાછાવળીને જોવાની જરૂર છે. માત્ર એવી કલ્પનાનો અંશ ભાવ સુધ્ધા જાગી જાય તો યે ગંગા નાહયા.

છતાંય દિવાળી પર્વ અને નવા વર્ષના અવસરે જીવનમાં ઉંડા અંધારેથી પરમ તેજ તરફની આશા અને દિશાનું કિરણ સાંપડી રહે એવી ભાવના અને નવી સંકલ્પ સાધનાથી લક્ષ્ય પ્રાપ્તિ તરફ નવુ વર્ષ આરંભીએ. જ્ઞાતિના સમાજકારણમાં પણ આપણા સાધન શક્તિઓ અને પ્રવૃતિઓનું સંકલન કરી એકસૂત્રે આગળ વધીએ.

દિવાળી પર્વે સંપાદક મંડળ વતી નવાવરસની હાર્દિક શુભેચ્છાઓ.

**નૂતન વર્ષાભિનંદન :**

નૂતનવર્ષનું તેજ કિરણ ઉત્સાહ આપવા ઊભું રહ્યું
સહાય વેરો સ્મિત–પુષ્પો જીવન બનશે હ્યું ભર્યું

સપ્તરંગના રંગભરીલ્યો, જીવન બનશે નવરંગી
આશા કરો સૂર્ય–ચંદ્રથી જીવન બનશે ઝળહળતું
અમાસના અંધારા દેખી ડરવું શા માટે !
ચાંદ ઉભો છે ડોકિયા કરતો પછી અજવાળા પથરાશે
નૂતનવર્ષને નૂતન જીંદગી દુનિયા નૂતન ખડી કરીએ
આંખોમાં સપનાઓ આંજી કામકરીએ કમર કસી.

દીવાળીએ આપણે ઘણું બધું બદલી નાખ્યુ પણ અંતર કેમ ન બદલાવ્યું ? કરણ અને ઉપકરણ કરતાં પ્રથમ અંતઃકરણ બદલો.

હવે તમે તમારી સંકુચીત વૃતિઓને અલવીદા આપો સમાજમાં ખોટો વટ બતાવવો નહી અને કોઈને પણ ઉતારી નપાડો. તમારામાં કોઈ નુકસાનકર્તા આદતો હોય તો બદલી નાખો. વેરઝેર કાવાદાવા ને દૂર કરો બીજા માટે કાંઈક કરી છૂટવાની ભાવના રાખો. વરસનો હરદિવસ, હર પળ, ઝળ હળી ઉઠે એવું કાંઈક માનવતાનું કાર્ય કરો.

એજ શુભેચ્છા.



## સહ મંત્રીશ્રીનો અહેવાલ

સહમંત્રી : શ્રી પ્રેમચંદ કેશવજી છેડા

નવ નોરતાના નવનવ દિવસ જેમાં ફક્ત મનુષ્યજ નહીં પણ દેવતા પણ પોતાનાં કલ્યાણાર્થે માતાની આરાધના કરે છે. માં એમના થયેલ કર્મોને માફ કરી એમનો હિત કરે છે. દિવાળી પર્વ નજદિક આવી ગયા છે. દિવાળી તથા નૂતનવર્ષની સર્વે સભ્ય પરિવારને મંગલકામના.

આપણા મંડળના માનદ્ મંત્રી શ્રી અમૃતલાલ ભાણજી નિસર હાલ બહારગામ ગયેલ છે.

હાલમાં સંપન્ન થયેલ શિક્ષણ સમિતિનો એવાર્ડ ફંકશન પોતામાં સમાજની ગરિમા વધારનાર કાર્યક્રમ હતો આપણા બાળકોની ઉડાન કેટલા હદ સુધી છે એનું અવલોકન થયેલ મુખ્ય અતિથી શ્રીમતી કવિતાબેન એ જીવનશૈલી બાબત સુંદર રજુઆત કરેલ શ્રી દિર્ગેશભાઈ નિસરએ સંપૂર્ણ કાર્યક્રમમાં બધાનું ખુશીથી સાથ મેળવી જે સુંદર સંચાલન કરેલ તે યુવાવર્ગ માટે એક ઉદાહરણ છે.

શાંતીવન સમિતિનું બાળકો તથા વડિલોનું સમન્વય સાધનારૂ વડિલોની રાસ ગરબા હરીફાઈ કાર્યક્રમ ખૂબજ ઉમળકાભેર પાર પડેલ. કાર્યક્રમ જોતા એમ લાગે કે જયાં ચાહ છે ત્યાં રાહ છે મોટી ઉમરમાં પણ બહેનો માતાઓએ સુંદર વેશ–ભુષા ધારણ કરી રાસ–ગરબામાં હોશભેર ભાગ લઈ આનંદ મેળવેલ.

મનોરંજન સમિતિ પણ ઉત્કૃષ્ટ કાર્યક્રમ આપવાનું પ્રયત્ન કરી રહેલ છે. બધા સમિતિ સંચાલકોને અભિનંદન. જેની જરૂઆત સારી એનું ભવિષ્ય ઉજ્જવલ છે. આવાજ સુંદર–સુંદર કાર્યક્રમ થતા રહેશે એવી અપેક્ષા.

શ્રીમતી દર્શનાબેન દેઢિઆને કારોબારી સમિતિમાં કો–ઑપ્ટ મેમ્બર તરીકે લેવામાં આવેલ છે.



## માવજત સમિતિ

*સંચાલક : કીર્તિ કાપડીયા ૯૩૯૧૦ ૧૨૯૬૯*
*સહસંચાલક : વલભજી સાવલા*

ત્રણે દવાખાના રાબેતા મુજબ ચાલે છે. થોડા સુધારા વધાર કરવા છે. જેની ચર્ચા સમિતિમાં કરીને પાછળ થી જાણ કરવામાં આવશે.

**મેડીક્લેમ ઈન્સુરન્સ :** નવા કાયદાના હિસાબે Date of discharge થી ૭ દિવસના અન્દર claim માટે papers દાખલ કરવાનું જરૂરી છે. તારીખ ચુકવાથી ક્લેમ સેટલ થવામાં અને દાખલ કરવામાં તકલીફ પડશે બીજી સુચના hospital માં દાખલ થતા પહેલાં ઉમર લખાવતા પહેલાં અને testing માટે પણ તમારી ઈન્સુરેન્સની policy માં જે લખેલ છે તેજ લખાવશો વધુ ફરક હોતાં પણ તકલીફ થાય છે. તો બન્ને બાબતનો ધ્યાન રાખવા વિનંતી.

જેમની Policy માં ૨૦% થી ઉપર cumilitive Bonus જમાં હોયતો coverageના Amount ઉપર ૧% નાં હિસાબે Dignostic testing માં ચાર્જસ ક્લેમ કરી શકો છો.

તા. ૧૧-૧-૨૦૧૦ના Camp રાખવા માટે ચર્ચા વિચારણા ચાલુ છે.



## રમત-ગમત સમિતિ

**સંચાલક : મનીષ એમ. સાવલા**
**ફોન : ૯૩૯૧૦ ૨૪૧૦૮**

નવનીત ક્રીકેટ કપ મુંબઈ પોતાનાં રજત જયંતિ વર્ષના ઉપલક્ષમાં ઓલ ઈન્ડીયા ક્રીકેટ ટુર્નામેન્ટનું આયોજન કરેલ છે. તેમાં આપણા સમાજની એક સક્ષમ અને મજબુત ટીમ મોકલવાનું નક્કી કરેલ છે. ટીમ સીલેક્શન માટે નામ નોંધાવવું તા. ૨૦-૧૦-૨૦૦૯ થી શરૂ કરવામાં આવશે. ઈચ્છીત મેમ્બરો વહેલી તકે નામ નોંધાવી લેવા વિનંતી.

Navneet Cricket Cup Mumbai is celebrating its Silver Jubilee so it has invited cricket teams from other cities also and in their response we will be sending one team of fifteen members to Mumbai during 1st week of February. Those interested to Participate and for sponsorships kindly contact follwoing persos.

| **Manish M. Savla** | **Pankaj H. Savla** | **Samir R. Vora** |
|---|---|---|
| 93910 24108 | 98497 47625 | 94404 14122 |

*મંડળના સભ્યો માટે હોલસેલ ભાવે દવા મેળવવાનું સ્થળ*

**PREETI PHARMA**

**INDER BAGH, SULTAN BAZAR, HYDERABAD 500 095.**

**DONATE EYES - LIVE TWICE**

# માનવ મિત્ર સમિતિ

સંચાલક : ડૉ. દિલીપ પ્રાગજી ભાનુશાલી
સહસંચાલક : હરિલાલ ભીમશી સાવલા

ભગવાન મહાવીર જૈન રીલીફ ફાઉન્ડેશન ટ્રસ્ટે જેઓ ડાયલીસીસના સહયોગ માટે રૂા. ૫૦૦/–ની રાશી દાન પેટે નકી કરેલ છે. તેના ઉપલક્ષમાં પર્યુષણ ક્ષમાપના સમ્મેલનના દિવસે માનવ મિત્રના સભ્યોએ સારી રકમ મેળવી હતી. તે ઉપરાંત ગત માસમાં મુઠીભર અનાજ યોજનાના વોલીયન્ટર યુવા ભાઈ–બહેનોએ જ્યારે અનાજ પ્રાપ્ત કરવા આપણા સમાજના સભ્યોના ઘરે ગયા હતા ત્યો રૂા. ૧૮,૦૦૦/– ની રકમ ૩૬ સભ્યોના પરિવાર પાસેથી મેળવી છે. અને આ માનવ સેવાના કાર્ય માટે સહભાગી થયેલ છે. આ યુવા વોલીયન્ટરોને બહુજ અભિનંદન. હજી પણ આ વોલીયન્ટર ભાઈઓ આપના ઘરે અનાજ પ્રાપ્ત કરવા આવે ત્યારે આપ ઉપરોક્ત ટ્રસ્ટને રૂા. ૫૦૦/– પ્રતી ડાયલીસીસ માટે સહયોગ રૂપે દાન આપી શકો છો.

શ્રીમતી મીનાબેન ભરત કારાણીના ૧૬ ઉપવાસની ઉગ્ર તપસ્યાની સાંજીના પ્રસંગે અનુમોદના ભાવાર્થે દાનપેટીમાંથી કુલ્લ રકમમાંથી નીચે મુજબની ખાદ્ય–પધાર્થ વિવિધ આશ્રમોમાં મોકલવામાં આવેલ છે. ૪ ટીન તેલ, ૫૦ કીલો તુવરદાળ, ૫૦ કીલો બોમ્બે રવો.

આપણા મંડળના સભ્યોનાં ઓપરેશન વખતે નીચે મુજબના રક્તદાતાઓએ રક્તદાન કરેલ તેની નોંધ : (૧) શ્રી દિપક ચુનિલાલ ગાલા (૨) શ્રી જય પ્રફુલ્લ ગોગરી (૩) શ્રી હાર્દીક સંજય ગાલા (૪) શ્રી હેનીલ હસમુખ દેઢીયા (૫) શ્રી અમિત નીરંજન ગોગરી (૬) શ્રી ભાવેશ મગનલાલ ભેદા (૭) શ્રી વિજય ખેતશી દેઢીયા.

## ગૌશાળા માટે દાન

રૂા.૨૦૦૦/– ડૉ. દિલીપ ભાનુશાલી તરફથી
રૂા.૧૦૦૦/– સ્વ. હીરજી ભાણજી નીસરના પુણ્ય તિથી નિમિત્તે
રૂા. ૫૦૧/– શ્રી શુભસાગર એપાર્ટમેન્ટના રહેવાસીઓ તરફથી
રૂા. ૫૦૦/– શ્રીમતી રૂક્ષ્મણીબેન પ્રવિણ ગાલા
રૂા. ૫૦૦/– સ્વ. મેઘજી ઉમરશી કારાણીના સ્મર્ણાર્થે
રૂા. ૨૫૧/– શ્રી નિમેશ નવિન ભેદા ચિ. નીલના જન્મદિન પ્રસંગે
રૂા. ૨૫૦/– કુ. ધ્રુવી પંકજ દેઢીયા

## આશ્રમ માટે દાન

રૂા.૩૨૦૦/– ડૉ. દિલીપ ભાનુશાલી તરફથી
રૂા.૧૦૦૦/– સ્વ. હીરજી ભાણજી નીસરના પુણ્ય તિથી નિમિત્તે
રૂા. ૨૫૧/– શ્રી નિમેશ નવિનચંદ્ર ભેદા ચિ. નીલના જન્મદિન પ્રસંગે

## હોસ્પિટલ માટે દાન

રૂા. ૫૦૦/– સ્વ. મેઘજી ઉમરશી કારાણીના સ્મર્ણાર્થે
રૂા. ૨૫૧/– શ્રી નિમેશ નવિન ભેદા ચિ. નીલના જન્મદિન પ્રસંગ

## મુઠ્ઠીભર અનાજ યોજના

ઓગસ્ટ માસમાં ૩૭૫ કીલો ચોખા તેમજ ૬૦ કીલો દાળ પ્રાપ્ત થયા હતા જે વિવિધ આશ્રમોમાં વિતરણ કરવામાં આવેલ છે.

DEEPAK MAVJI DHAROD
Cell : 98490 53458
(R) 6613 3650
BHAVANA TOURS & TRAVELS
RENT A CAR, INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL &
SWARAJ MAZDA (16, 19, 24 SEATERS), SEMI DELUX BUSES (35, 40, 52, 55 SEATERS)
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK
(જા.ખ.S-1502)



# શાંતિવન સમિતિ

સંચાલક : હંસકુમાર સાયલા
સહસંચાલક : દામજી માવજી સાવલા

*कवि कहता है, देश के हर द्वार पर दाता खडा है*
*अपनी थैली का मुंह खोले ।*
*कमी है उन हाथों की जिसमें वो दे सके ।*

આ વાતનું અનુભવ સમિતિના ''વડિલોની રાસગરબા હરીફાઈ"ના કાર્યક્રમ માટે થયેલ. સમિતિને એક સદ્‌ગૃહસ્થ પરિવારએ રૂા. ૧૧,૦૦૦ તથા શેઠશ્રી રમેશભાઈ પ્રેમજી લોડાયા પરિવાર એ રૂા. ૫,૦૦૦નું અનુદાન આપેલ. શ્રીમતી સુશીલાબેન દામજી સાવલા પરિવાર તરફથી ઈનામો આપવામાં આવેલ. કાર્યક્રમથી પ્રભાવિત થઈ. માતુશ્રી કસ્તુરબેન ધનજીભાઈ સાવલાએ રૂા. ૫,૦૦૦ (પાંચ હજાર)નું અનુદાન જાહેર કરેલ. દાતાઓના પ્રોત્સાહનથી કાર્યક્રમની ગરીમા વધી ગઈ. દાતાઓનું ખુબ ખુબ આભાર.

શ્રી હરિલાલભાઈ સાવલા (મેનેજીંગ ટ્રસ્ટી), મંડળના પ્રમુખશ્રી ધનજીભાઈ સાવલ, ઉપપ્રમુખ શ્રી મણીકાંતભાઈ મોમાયા, સહમંત્રી શ્રી પ્રેમચંદભાઈ છેડા તથા કારોબારી સમિતિના અન્ય સર્વે સભાસદોના હાજરીમાં કાર્યક્રમની શુભ શરૂઆત થયેલ.

મંગલાચરણ કુમારી ભુમિકા હેમાંગ દંડ એ પ્રસ્તુત કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી હીરાવંતીબેન દેઢિયા તથા શ્રીમતી દર્શનાબેન દેઢિયાએ ખુબીથી નિભાવેલ. સ્પર્ધાના જજના નાતે શ્રી મણીકાન્તભાઈ મોમાયા તથા શ્રીમતી વિદ્યાબેન ધીરજ સાવલાએ સુંદર કામગીરી બજાવેલ.

ઉંમગભેર બધાએ રાસ-ગરબામાં ભાગ લીધેલ કુમારી હર્ષા દિનેશ માડણના ભારદસ્ત ગીતોથી તથા ઢોલ, ઑરગનવાદકના સુંદર સાથથી વાતાવરણ મહેકી ઉઠેલ તથા રાસ-ગરબામાં સહભાગી થયેલ. પ્રત્યેક ખેલખેલૈંયાએ રાસ-ગરબાનો આનંદ માણેલ.

ગરબામાં અનુક્રમે પ્રથમ શ્રીમતી ઉર્મિલાબેન છેડા, દ્વિતીય શ્રીમતી સુશીલાબેન કારાણી તથા તૃતીય શ્રીમતી સીમાબેન મહેતા રહ્યા. મટુકડીમાં પ્રથમ શ્રીમતી હંસાબેન લોડાયા, દ્વિતીય શ્રીમતી પ્રેમીલાબેન છેડા તથા તૃતીય શ્રીમતી નર્મદાબેન દેઢિયા હતા.

દાંડિયા રાસમાં પ્રથમ ક્રમાંકે શ્રી મુરજીભાઈ કારાણી તથા શ્રી દેવરાજભાઈ સાવલાની જોડી રહેલ. દ્વિતીય શ્રીમતી જયાબેન જાગીરદાર તથા તૃતીય ક્રમાંકે શ્રીમતી હેમાબેન કારાણી તથા શ્રીમતી ઉમાબેન ધરોડની જોડી હતી. પ્રોત્સાહનાત્મક ઈનામોના હકદાર બન્યા શ્રીમતી હર્ષાબેન મહેન્દ્ર દેઢિયા, શ્રીમતી જવેરબેન ગાલા, શ્રી રમેશભાઈ મહેતા તથા શ્રીમતી કસ્તુરબેન સાવલા.

સહસંચાલક શ્રી દામજીભાઈ સાવલાએ આભાર વિધી કરેલ તથા શ્રી કાન્તીલાલ દેવજી સોની તથા સાથીદારોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ. રીમઝીમ વર્ષાથી ખુશબુદાર થયેલ વાતાવરણમાં સર્વેએ અલ્પાહાર લઈ સર્વે છૂટા પડયા. દૈદિપ્યમાન સફળતાથી સમિતિના કાર્યકર્તાઓ બમણા ઉત્સાહથી ભવિષ્યના કાર્યક્રમ માટે વિચારતા થઈ ગયા.

# શિક્ષણ સમિતિ

**સંચાલક : દિગ્ગેશ હિરજી નિસર**

દર વર્ષ મુજબ, વિવિધ પરીક્ષાઓમાં ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સ્વર્ણપદક તથા રજતપદક દ્વારા સન્માન કરવાનો કાર્યક્રમ તા. ૧૩-૯-૨૦૦૯ના રોજ આનંદપૂર્વક આયોજિત થયો હતો. સમાજના સભાસદો આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય અતિથિ કુ. કવિતા જૈનનું વકતવ્ય ઉપસ્થિત દરેક જણે માણ્યું અને વખાણ્યું હતું. સંસ્થાના પ્રમુખ શ્રી ધનજીભાઈ સાવલાએ સભાને સંબોધિત કરી હતી. આ કાર્યક્રમનું કુ. હેનલ સાવલા તથા ગૌરવ ગાલાએ સફળતાથી સંચાલન કર્યું હતું.

રજતપદકના દાતા શ્રીમતી કસ્તુરબેન ધનજી સાવલા પરિવાર હતા. સ્વણપદક દાતાઓ તેમજ રજતપદકના દાતાનું હૃદયથી આભાર માનીએ છીએ.

અલ્પાહાર માટે શ્રીમતી વિજયાબેન કાપડિયા અને શ્રીમતી રૂક્ષ્મણીબેન હીરજી નીશર પરિવારના અમે ખૂબ આભારી છીએ.

શ્રી તારાચંદભાઈ ધરોડ તથા શ્રીમતી વાસંતીબેન એ. શાહે શરૂઆતથી જ આ કાર્યક્રમની સફળતા માટે ખૂબ કાર્ય કર્યું હતું તેમનો ખૂબ આભાર.

**<u>The following students were awarded GOLD MEDALS</u>**



**DEEP NILESH CHEDDA**
(Luni) 94.40% ICSE
(Smt. Kasturben Keshavji Rambhia, Gundalawala Gold Medal)



**DAKSHA CHANDULAL GOR**
(Faradi) 94.30% MEC
(Smt. Laxmiben Mavji Gala, Lakhapurwala Gold Medal)



**KARISHMA DEEPAK KAPADIA**
(Patri) IIT, Khadagpur,
(Shri Kutchi Mitra Mandal Gold Medal)

**PRATIK BHAVESH MARU**
(Dumra) 94.80 MPC
(Shri Damji Jivraj Nagda, Varandiwala Gold Medal)



**MITTAL NAVIN HARIA**
(Sherdi) 84.20% B.Com,
(Smt. Mulbai Bhanji Nishar Vadalawala Gold Meda)



**RAHUL SHANTILAL MARU**
(Bhojay) GPA M.S. (USA)
(Shri Hemant Keshavlal Sanghvi Mundrawala Gold Medal)



**RAJASHREE HIRJI KARANI**
(Dumra) M.D. in Homeopathy
(Smt. Maniben Ratanshi Gogri Nagalpurwala Gold Medal)



**DHAVAL YASWANT VORA**
(Gurupadar) 87.80% MBA
(Shri Ankit Mukesh Dharod Patriwala Gold Medal

# સમાજ દર્પણ

## નવ આગમન વધાઈ

### પુત્રી જન્મ

| | | | |
|---|---|---|---|
| ૧) | અ.સૌ. મમતા કેતન કેશવજી વોરા | મોટી વરંડી | હૈદરાબાદ |
| ૨) | અ.સૌ. જસ્મીન દર્શન ગુલાબચંદ વોરા | સાભરાઈ | હૈદરાબાદ |

### પુત્ર જન્મ

| | | | |
|---|---|---|---|
| ૧) | અ.સૌ. જીગ્ના નયન ભુપેન્દ્ર વીરા | ડોણ | હૈદરાબાદ |
| ૨) | અ.સૌ. હિલોની મયુર પોપટલાલ ગડા | લઠેડી | હૈદરાબાદ |
| ૩) | અ.સૌ. સમતા મનોજ ગોપાલજી મજેઠીયા | કપુરાચી | હૈદરાબાદ |

### નવું સરનામું

પ્રેમજી હીરજી કેનિયા, ૧-૨-૩૪૩/એ-૨૦૧, સ્ટાર કેસર હોમીયો, સ્ટ્રીટ નં. ૬, દોમલગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૯. ફોન. ૬૪૫૧ ૩૮૩૭, ૯૩૯૭૮ ૮૧૦૯૧.

# સંસ્થા સમાચાર

**Kutchi Language gets script**

**Ahmedabad :** The Kutchi dialect, passed down the generations by lakhs of people through the spoken word, has now got a pictorial script, thanks to a city-based graphologist. Claiming that she has last month got a copyright for the script from the copyright office, New Delhi, Dr. Rajul Shah Said, "With this, I have become the first person in the country to hold a copyright for developing an entire script." Till now, India has 26 recognised script of writing. This is the 27th Script.

**જીવનમાં રક્તદાન - મૃત્યુ પછી નેત્રદાન**



# મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા

## શરદોત્સવ - દીપાવલી સ્નેહમીલન

સંજોગવસાત મુલત્વી રાખેલ શરદોત્સવનું કાર્યક્રમ સાથે દીપાવલી સ્નેહમીલન નો રૂડો અવસર આપણે સૌ સાથે મળી ઉજવશુ, જેમા સહ પરિવાર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવા આપસૌને આમંત્રણ છે.



*તારીખ : રવિવાર તા. ૨૫-૧૦-૨૦૦૯*
*સમય : સાંજના ૭.૦૦ વાગ્યા થી*
*સ્થળ : શ્રી હનુમાન વ્યાયામ શાળા*



**વિવિધ હરીફાઈઓની વિગત**

**આરતી સજાવટ :** આરતીની થાળી પારંપારીક રીતે ઘરેથી સજાવીને સ્થળ ઉપર સાંજે ૭.૦૦ વાગ્યા સુધી લાવવાની રહશે.

**કંડીલ ડેકોરેશન :** પારંપારીક દીપાવલી કંડીલ ઘરેથી સજાવીને સ્થળ ઉપર સાંજે ૭.૦૦ વાગ્યા સુથી લાવવાનું રહેશે.

**દાંડીયા સજાવટ :** દાંડીયાની જોડી ઘરેથી સજાવીને સ્થળ ઉપર સાંજે ૭.૦૦ વાગ્યા સુધી લાવવાના રહેશે.

''દાંડિયા ગરબા અને વેશભુષા હરીફાઈઓ"

ગ્રુપ A : ૭ વર્ષ થી નીચેના બન્ને વર્ગો માટે
ગ્રુપ B : ૮ વર્ષ થી ૧૨ વર્ષ બન્ને વર્ગો માટે
ગ્રુપ C : ૧૩ વર્ષ થી ૧૮ વર્ષ બન્ને વર્ગો માટે
ગ્રુપ D : ૧૯ વર્ષ થી ૩૫ વર્ષ બન્ને વર્ગો માટે
ગ્રુપ E : ૩૫ વર્ષ અને ઉપરના બન્ને વર્ગો માટે

**દાંડીયા ગરબા અને વેશભુષા હરીફાઈઓમા ભાગ લેવા એન્ટ્રી કાર્ડ સ્થળ ઉપર ૭.૩૦ વાગ્યા સુધી આપવામાં આવશે.**

**લક્કી ડ્રો કુપન : સ્થળ ઉપર સાંજના ૭.૩૦ વાગ્યા સુધી આપવામાં આવશે. સમયસર પધારી કુપન મેળવવા વિનંતી.**

આરતી, કડીલ, દાંડીયા સજાવટની એન્ટ્રી નીચે જણાવેલ નામ ઉપર તા. ૨૩-૧૦-૨૦૦૯ સુધી નોંધાવવી જરૂરી છે. કાર્યક્રમના આયોજનના સહકાર આપવા માટે સર્વે સ્પોનસર્સનો ખૂબ ખૂબ આભાર.

અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**એન્ટ્રી માટે**

| મહેન્દ્ર વોરા | હરેશ દેઢીયા | સમીર વોરા |
|---|---|---|
| ૯૨૪૬૧ ૮૫૬૩૧ | ૯૨૪૬૧ ૯૪૪૦૫ | ૯૪૪૦૪ ૧૪૧૨૨ |



*A Small Investment of Minimum amount now...*

Will get you Rich Rewards in Few Years

# Invest Now...
# Rest Later

**• Health Insurance • Life Insurance • Pension Plans**
**• ICICI Prudential Life Insurance •**
**ULIP - Children Educational Plan**

***Contact***

## NEHA KAMAL HARIA

**Ph. : 040-6454 1206, 98858 60764**
**Email : nehakamal305330@iciciprupartner.com**

(જા.૫. H-2454 Oct.09)

## CELEBRATING 10 YEARS OF SWEETNESS

*We wish you all a very Happy Diwali &*
*Prosperous New Year*

## NAGPUR'S BEST & ORIGINAL SONPAPDI

2 Piece Pack - Pista Elachi flavour Rs. 120 per kg.
1 piece Pack - Pista Elachi Flavour Rs 130 per kg.
with Badam Topping

(Each piece have been air proof packed)
attractive Box Packing

*Contact :* **M.J. MEHTA**

**90320 03031, 2755 2607, 93485 22288.**

(જા.૫. H-2454 Oct.09)

# મુંબઈના પ્રખ્યાત

# Silpi ચાંદલા (Bindi)

## તદન નવી લેટેસ્ટ ડીઝાઈનમાં મળશે

*Contact*

**Premila P. Chheda**
**Bhumi P. Chheda**

201, Kaveri Shikhar, 3-4-526/16,
Barkatpura, Hyderabad 500 027.
**Ph. : 6683 5923, 92468 86932**

(જા.પ્ર. H-2452 Oct.09)

# N I R V A N A

JOIN AND EXPERIENCE
THE EXCITEMENT OF 2009
THIS DECEMBER
FOR SPONSORS / CO-SPONSORS / EVENT SPONSORS,
*Please contact :*
**Gaurav Gada - 98490 56838, Tejas Gala - 98853 48158**
**Pratik Savla - 98859 64065.**

(જા.પ્ર.Q-2465 Oct 09)

વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધિ, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્ના દેવી) તેડવા, નડતા દરેક ગ્રહોની શાંતિ, શ્રાદ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડલી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે

## વિજયકુમાર શુકલા

ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો.
ફોન. નં. ૨૪૪૧ ૪૯૦૩. સેલ : ૯૩૯૧૨ ૩૩૪૦૮.

(જા.પ્ર.Q-2455)

For Sale, 2BHK 1100 Sft. Duplex Flat at Badi Chowdi
With Wooden Work, Excellent Ventilation,
24 Hrs. Water & Security facility.

**FOR VEGETARIAN ONLY.**

**Contact : 98858 20212 or 93945 75712**
**TEJAS SAVLA - 98858 20279**

(જા.ખ.Q-2463 Oct 09)

**Ph : 6564 1868**
**90007 98770**

# શ્રી ઘનશ્યામ જે. ભટ્ટ

**(ગુજરાતી મહારાજ)**

**શ્રી સત્યનારાયણની કથા, ગ્રહ પ્રવેશ, લગ્ન વિધિ, રાંદલ માતાના લોટા, નક્ષત્ર શાંતિ, શ્રાદ્ધકર્મ, જન્મકુંડલી, મેળાપક તેમજ બધા પ્રકારની પૂજા પાઠ માટે**

Bharati Nilayam, 3-2-186, Sunargalli, 3rd Floor, Near Lord Shiv Temple,
Nimboliadda, Kachiguda, Hyderabad 500027. (જા.ખ.Q-2483 Oct 09)



**FOR ALL YOUR COMPUTER WORK**
- **SOFTWARE INSTALLATION**
- **TROUBLE SHOOTING • VIRUS CLEANING ETC.**
- **NEW COMPUTER SALES & PURCHASE**

**Contact : DEVESH - 94407 23277, 93969 71010.**

(જા.ખ.S-2186, July 09)

**નિયાંપો જાહેરાત ના ભાવ**

| | | | |
|---|---|---|---|
| ૧) | છેલ્લું પાનું આર્ટ કલર પેપર | રૂા. | ૧૮૦૦.૦૦ |
| ૨) | અંદરનું રજું પાનું આર્ટ કલર પેપર | રૂા. | ૧૨૦૦.૦૦ |
| ૩) | અંદરનું છેલ્લું પાનું આર્ટ કલર | રૂા. | ૧૨૦૦.૦૦ |
| ૪) | ફુલ પેજ સાદું પેપર | રૂા. | ૫૦૦.૦૦ |
| ૫) | ૧/૨ પેજ સાદું પેપર | રૂા. | ૩૦૦.૦૦ |
| ૬) | ૧/૪ પેજ સાદું પેપર | રૂા. | ૧૫૦.૦૦ |
| ૭) | ૧" સ્ટીપ સાદું પેપર | રૂા. | ૧૦૦.૦૦ |

નોંધ : ઉપર ક્રમાંક ૧ થી ૫ સુધીની એક સાથે ૧૨ જાહેરાત આપનારને ૧૨ જાહેરાતના બદલે ૧૦ જાહેરાતની રકમ લેવામાં આવશે.

**સંપાદક મંડળ**

## શિક્ષણ સમિતિ તથા શાંતિવન સમિતિ દ્વારા આયોજીત કાર્યક્રમની ઝલક


















13

☛ ALL MEDICINES AT WHOLESALE RATE
☛ FREE DOOR DELIVERY FOR BULK PURCHASE

☛ હોલસેલ ભાવે દરેક દવા તેમજ મોટા ઓર્ડર માટે ફ્રી હોમ ડિલીવરી સર્વિસ

# KAMALESH PHARMA

PHARMACEUTICAL DISTRIBUTORS

4-4-230/3, Shop No. 2, Inderbagh, Kothi, Sultan Bazar, Hyderabad-95.
Ph : 65981701, 64611701, 24757393.

*Bhasker* 6461 1701 | *Deepak* 98490 17501 | *Anup* 2475 7393

(જા.ખ. H-2229, July.09)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬ ૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ. S-1157, Aug.09)

Prop. **V. Laxman Rao**

Cell : 98490 37392, 99890 57799
6513 9829, 2473 0011



# BHAVANI TRAVELS

RENT A CAR, TATA INDICA, TOYOTA, QUALIS, INNOVA, ACCENT, SWARAJ MAZDA, MINI BUS.

2-4-113/54, Opp. Kumar Theatre, Kachiguda Station Road, Hyderabad 500 027. (જા.ખ.-S-1610 July 09)

''હોલસેલ ભાવે દવા મેળવવાનું સ્થળ''

Vikas Bangad | Aditya Bangad

# USHA PHARMA

# 4-4-230/1, Inderbagh, Sultan Bazar, Hyderabad - 500 095.
Ph : 6522 3381, 2476 1623 Cell : 93910 10398

ALL MEDICINES ON WHOLE SALE RATES

(જા.ખ.S-1455, Nov. 09)

# રોયલ ફીઝીઓથેરાપી સેન્ટર

કમર દર્દ, સાયાટીકા, એડીમા દર્દ, લકવો, ઘૂંટણમાં દર્દ, સ્પોન્ટીલોસીસ વગેરે માટે સારવાર મળશે.

બાળકોની તકલીફ માટે પેડીયાટ્રીક ફીઝીઓથેરાપી આપવામાં આવશે.

પધારીવશ દર્દીઓ માટે હાઉસ વીઝીટ સેવા મળશે.

MCP ફૂટવેયર, ડાયાબેટીસ વાલા માટે એડીમાં દર્દ, ઘૂંટણમાં દર્દ, કમર દર્દ, કપાસીયા ફ્લાટ ફૂટ, પગના ચીરા માટે ચપલ, સેન્ડલ, બુટ, સ્લીપર મળશે. તમામ સર્જિકલ આઈટમ મળશે.

**નોંધ : ડીસ્ટન્સ એજ્યુકેશન, પાસ/ના પાસ, ડીગ્રીધારી,** B.A., B.Com, (Gen/Comp.), B.Sc., BBM, BCA, BFA, BPA, BHM **વગેરે તેમજ** M.A., M.Com., M.Sc., MCA, MBA, BL/Sc **(લાયબ્રેરી સાયન્સ)** S.V. University, Drauidian University **થી ઉપલબ્ધ છે.**

C/o. પ્રશાન્ત કોલેજ, કુમાર થિયેટરની સામે, કાચીગુડા, હૈદરાબાદ – ૨૭.

**ફોન. ૯૩૯૧૦ ૧૭૮૩૩, ૯૨૪૬૩ ૬૩૭૧૧.**

**૯૩૯૧૦ ૧૭૮૩૩, ૯૨૪૬૩ ૬૩૭૧૧, ૬૪૫૪૫૨૩૦, ૨૪૬૦ ૨૧૯૫.**

(જા.ખ. H-2453)



# R.S. BANDHANI HOUSE

***કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં***

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

## નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી

૧૫–૨–૫૮૪, ૧લે માળે, સોની ભવનની બાજુમાં, મહારાજ ગંજ, હૈદરાબાદ.

ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2482 Oct 09)

॥ શ્રી વિશલ માતાજીને નમઃ ॥





# ગાલા નુખના
## ભાવિકો અને નિયાણી બહેનો

જોગ :

સવિનય જણાવવાનું કે ગાલા નુખના વિશલ માતાજી ને નમતા સર્વે ભાવિકોની સમુહ પહેડી તા. ૧૫-૧૧-૨૦૦૯ રવિવાર સવારના ૯.૪૫ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. તો સર્વે ભાવિકો તથા નિયાણી બહેનો ને સમુહ પહેડીમાં પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**કાર્યક્રમ**

| | |
|---|---|
| માતાજીનું સામૈયુ (કચ્છી ભવનની બાજુએ થી) | ૯.૪૫ કલાકે |
| માતાજી ના ભજનગીત ની રમઝટ (મંડળી પધારશે) | ૧૦.૦૦ કલાકે |
| ગત વર્ષની પહેડી ની વિગત તથા અન્ય માહિતી | ૧૧.૩૦ કલાકે |
| માતાજીના સ્તુતિગીત- (૫) પાંચ | ૧૧.૪૫ કલાકે |
| માતાજીને પ્રસાદી જુવારવાનુ (ભાવિકો તરફથી ચિઠ્ઠી દ્વારા) | ૧૨.૧૫ કલાકે |
| માતાજીની આરતી (ભાવિકો તરફથી ચિઠ્ઠી દ્વારા) | ૧૨.૩૦ કલાકે |
| માતાજીની પ્રસાદી | ૦૧.૦૦ કલાકે |

આરતી પછી માતાજીની પ્રસાદી લેવાનું સર્વે ભાવિકો તથા નિયાણી બહેનો ને ભાવભર્યું આમંત્રણ છે.

**કાર્યક્રમ માં સમયસર પધારવા વિનંતી**

**નોંધ : શ્રીફળ પ્રથા બંધ છે.**

**લી. ગાલા ભાવિક સંઘ, હૈદરાબાદ**

ના જયજીનેન્દ્ર

(શ્રી.પ. F-2428)



# MARVEL Beauty Parlour

*We specialises in Bridal Make-up, Hairstyle & Mehendi.*
*Skin, Anti Dandruff & Hair Treatment*

***We conduct classes for*** **MEHANDI & BEAUTY COURSES**

LEARN PERSONAL BEAUTY COURSE IN RS. 700/- ONLY
Non Surgical Face Lifting, Under Eye Dark Circles Treatment, Skin Polishing Treatment, Anti Dandruff Treatment, Radiance Glow, Lighting Facial. Temporary & Permanent Hair Straightening

**SPECIAL OFFER FOR YOU**
**"BEAUTY PACKAGE" for Just Rs. 300/- only**
Bleaching or Hair Massage, Facial, Waxing, Pedicure, Manicure & Eyebrow. + Rs. 50/- apply only Hairdye or Heena.
***DON'T MISS THIS OFFER***

(ગ્રા.પ. H-1388, Oct.09)

**SPECIAL OFFER FOR BRIDAL PACKAGE**

Contact in Person : **PRAGNA H. SHAH Ph : 92473 04982**
# G-4, Lakshmi Narayan Apartments, Near Mahalakshmi Dairy, Kutbiguda, Hyderabad - 27.

# Asha's Collection

KACHIGUDA

*A very convenient place for your requirements of*

- ★ All kinds of Sarees like designer synthetic, printed and pure italian crepe, georgette, fancy sarees in thread work like Parsee Work, French Knot, Kashmiri & Kantha Work.
- ★ Fancy Dress Material in Cotton, Silk, Crepe, Georgette etc.
- ★ Fancy & embroidered Bed sheets, Pillow Covers, Dohars, and Bedroom Sets.
- ★ Fancy & Exclusive Fashion Jewellery in gold forming 1 Gram & 2 Gram Gold.
- ★ We undertake embroidery, transfer and rolling work.

(ગ્રા.પ.H-1288, Oct.09)

***ASHA MEHTA***

Flat No 2C, 2nd Floor, R.K. Bhavan, # 3-4-256/257, Kachiguda, Exactly Behind Venkatramana Theatre, Hyderabad-500 027. A.P. INDIA. Tel. : 9246115603 / 27565603 / 30286503

# વિવિધા

## પાંજો કચ્છ

કચ્છ પશ્ચિમ ભારતના ગુજરાતનો સૌથી મોટો જીલ્લો છે. ૪૫૬૧૨ કિ.મી.ના શ્રેત્રફળ વાળો કચ્છ જીલ્લો "લેહ" પછી ભારતના બિજા ક્રમનો સૌથી મોટો જીલ્લો છે.

કચ્છની ઉત્તરે પાકીસ્તાન, પશ્ચીમે અરબી સમુદ્ર, દક્ષિણે કચ્છનો અખાત.

કચ્છમાં લગભગ ૯૫૦ ગામો છે.

કચ્છમાં લગભગ ૧૦ તાલુકા છે.

કચ્છમાં લગભગ ૬ વિધાન સભાતી સીટ છે.

૧૨૭૦માં સ્થાપાયેલ કચ્છ ૧૮૧૫માં બ્રિટીશ સામ્રાજ્ય હેઠળ આવ્યું. "Princely State" તરીકે કચ્છના મહારાજાએ બ્રિટીશ સત્તા સ્વીકારી, ૧૯૪૭માં કચ્છ ગુજરાત રાજ્યનો જીલ્લો બન્યો. ૧૯૫૦માં કચ્છ ભારતનું એક રાજ્ય બન્યું. ૧૯૫૬ નવેમ્બર ૧ માં કચ્છ મુંબઇ રાજ્ય હેઠળ આવ્યું, ૧૯૬૦માં ભાષાના આધારે ગુજરાતમાં વિભાજન થયું. ૧૮૧૯ જુન ૧૬માં પહેલો ધરતીકંપ થયો. ૧૮૫ વર્ષના કચ્છના ઇતિહાસમાં પ્રચંડ ભૂકંપ જાન્યુઆરી ૨૦૦૪ ના સૌથી તીવ્ર ધરતીકંપ હતો.

## સમાધાન કે જીદ

મનભેદ અને મતભેદ વચ્ચેનો ભેદ સમજવા જેટલી બુધ્ધિ કેળવવી જરૂરી છે.

"Commonsense is not common" તેમ છતાં ભગવાને જેટલી સામાન્ય બુધ્ધિ આપી હોય તેનો મહત્વમ ઉપયોગ કરવાનો પ્રયાસ કરવો.

મનભેદ હોયતો મિત્રતા ન ટકે, પણ મતભેદ હોય તો તેથી મૈત્રીના બંધનમાં કોઇ ફરક ન પડે. મિત્રો વચ્ચે મતભેદને સંપૂર્ણ અવકાશ છે. જો તમારા અને તમારા મિત્ર વચ્ચે કોઇ મુદ્દે મતભેદ હોય તો તેનું સન્માન કરવું જોઇએ. આપણે આપણો જ મત સાચો છે તેમ માની મિત્ર કે મિત્રોની માથે મારવાનો બાલીશ પ્રયાસ ન કરવો. પોતાના જ મત ને સાચો માનવો અને બિજા બધાના વિચાર કે મતને ખોટો માનવ એ એક પ્રકારની "માનસીક વિકૃતી" છે.

"દરેક દરિયો સમજે છે કે
મારી પાસે પાણી આપાર છે
પણ એ ક્યાં જાણે છે કે,
આ તો નદીએ આપેલો પ્રેમ ઉધાર છે"

## સાચી સમજણ

જો કારની આગળ સીટમાં બેસીને સીટ-બેલ્ટ બાંધવાનું કામ બોરીંગ, ઇરિટેટીંગ અને માત્ર કાયદો પાળવાના ભાગ રૂપ જ લાગતું હોય તો સીટ બેલ્ટની અગત્યતા સમજી લેવા જેવી છે.

ગતિશીલ કારની સાથો સાથ આપણાં શરીર પણ એટલીજ સ્પીડ ગતિ કરતું હોય છે.

હવે, અચાનક બ્રેક લાગે કે કાર અથડાય અને ગતિ અટકી પડવાની સ્થિતિમાં આપણા કમરનો ઉપરનો ભાગ લગભગ એટલીજ ગતિમાં રહે છે.

પરિણામે ઉપરનો ભાગ અત્યંત ઝડપે આગળ ઢલી પડે છે. તેથી માંથુ, ગરદન અને કમરમાં ગંભીર અને ક્યારેક કાયમી ઈજા થવાનો ભય રહે છે.

સીટ-બેલ્ટ આપણા શરીરને સીટ સાથે જકડી રાખે છે. અને અચાનક બ્રેક કે કોઈ પણ પ્રકારના ઝટકાના આઘાત ને આખા શરીરમાં ફેલાવી દે છે અને શરીરનો ઉપરનો ભાગ આગળની તરફ ઢલી પડતો નથી.

મતલબ કે કાયદાનું પાલન કરવું એ આપણા જ સ્વાર્થમાં છે.

## સલાહ અને સૂચન

વૃધ્ધાવસ્થામાં વિસ્મૃતિની વિડંબણા મોટી ઉંમરે સતાવતા અલ્ઝાઈમર થી ખાવા-પીવા, બોલવા, લખવા જેવા રોજીંદા કામો ઉપર પણ અસર થાય છે. જે યોગ્ય સમયે સલાહ સાથે દવાઓ લેવામાં આવેતો ઘણી રાહત મળી શકે છે.

મહદઅંશે ઉમરના પાંચમા દાયકા તે વટાવી ચૂકેલા વૃધ્ધોમાં જોવા મળતા વિસ્મૃતીના આ રોગમાં મગજના કોષોની અંદર "Amyoloid" નામના પ્રોટીન ભરાવાને લીધે તેના "Plaque" એટલે કે જાંળાઆં બંધાઈ જાય છે. જે કોષોને ક્રમશઃ ધીરે ધીરે નાશ કરવામાંડે છે.

હોમીયોપેથીમાં દર્દીના શારિરીક અને માનસિક લક્ષણોને ધ્યાનમાં રાખીને દવાઓ આપવામાં આવે છે. જો શરૂઆતના તબક્કામાં આ રોગની સારવાર કરવામાં આવે તો રોગ આગળ વધતો અટકાવી શકાય છે.

## મંગલ ભાવના

આજ કેવલ ધન પ્રાપ્તિ કી દૌડ લગી હૈ
એક દૂસરે કો નીચા દિખાને કી હૌડ લગી હૈ
આજ કા માનવ યહ નહી સમજ પા રહા હૈ
કી યહ માત્ર આત્મિક વિનાશકી હીદૌડ લગી હૈ।

"જે દ્રષ્ટિ પ્રભુ દર્શન કરે
તે નયન જ ધન્ય છે
જે જીતી પ્રભુ ગુણને સ્તવે
તે જીભ જ ધન્ય છે.
વિતરાગ વાણીનું પાંન કરે
તે કર્ણ (કાન) જ ધન્ય છે
અરિહંત ચરિત્રનું ચિંતન કરે
તે મન જ ધન્ય છે"

## સોનેરી મુક્તક

ઘરની વાતો ગામમાં, કોઈને ના કહેવાય,
હાંસી થાય લોકમાં, વળી થવાનું તે થાય
સત્ય સમો ના ધર્મ કોઈ, જુઠ સમોનહીં પાપ
જેના હૃદયે સત્ય છે, ત્યાં પ્રભુ આપો આપ

કણ કણ નો સંચયકરી, કોઠી ધાન ભરાય,
અક્ષર અક્ષર શીખતાં, બાળક પંડીત થાય,
કરતી ઘંટી જોઈને, અંતર માટું રોય,
બે પડની ભીંસમાં, સાજો બચ્યો ન કોય.

## ઉલ્ટા પુલ્ટા

નીચેના કલુ પરથી ત્રણ અક્ષરના શબ્દ શોધો જે બન્ને બાજુથી સરખા વંચાય

| | | | |
|---|---|---|---|
| નવું નક્કર ............. | નવીન | બહુ સારૂં ....................... | સરસ |
| માંદગી ................. | દરદ | આંખ ........................... | નયન |
| સમયનું માપ ........... | કલાક | ઢીલ ન હોયતો ................. | કડક |
| કલક્તાની દેવી ......... | કાલકા | ખ્યાતિ ......................... | નામના |
| લંછન .................. | કલંક | મોટુ વહાણ ..................... | જહાજ |
| દક્ષિણનું એક ગામ ...... | ગદગ | વિમાનની સેવાનું યંત્ર ........... | રડાર |
| એક ઘીનું નામ ......... | ડાલડા | દુઃખાવાનો ઈલાજ ............... | મલમ |

ઈસવી સન્ ૧૪૦૩ વી ૧૪૦૮ વચ્ચે ચીનમાં લખાયેલો ધ ગ્રેટ એન્સાઈક્લોપીડિયા ઑફ યોંગલની બધી સંદર્ભ સામગ્રી સમાવવા માટે ૧૧,૦૯૫ પુસ્તક છાપવા પડયાં હતા.

અમેરિકન ઍર ફોર્સ બી–ટુ બોમ્બર્સ પ્રકારનાં વિમાન છેલ્લા પચાસ વર્ષથી ઉપયોગમાં લઈ રહ્યુ છે. આ વિમાનો હજી ૨૦૪૦ સુધી કામ આપી શકે છે.

રૉબર્ટ વિલિયમ્સ દુનિયાનો એવો પહેલો કામદાર બન્યો હતો. જેની હત્યા યાંત્રિક માનવ–રોબોના હાથે થઈ હોય. ૨૫ જાન્યુઆરી ૧૯૭૯ના દિવસે કારખાનાના રોધોએ અકસ્માતે રૉબર્ટની હત્યાકરી હતી.

અમેરિકામાં વ્યવસાયી બૅઝબૉલ રમતા હજારો ખેલાડીઓમાંથી ફક્ત બે ખેલાડીએ ત્રણ દાયકા સુધી અવિરત રમવાનો વિક્રમ કર્યો છે. નીલ એલ્ટ્રોક નામનો ખેલાડી ૧૮૯૮ થી ૧૯૩૩ સુધી અને મિની મિનોસો નામનો ખેલાડી ૧૯૪૯ થી ૧૯૮૦ સુધી મેદાનમાં રહ્યો હતો.

બોઈંગ ૭૪૭ પ્રકારના વિમાનના નિમાર્ણમાં નાના મોટા થઈને ૬૦ લાખ પુરજા વાપરવામાં આવે છે. જે એક વિક્રમ છે.

## નવ નવી - કિરણ

હારેલાને હિંમત આપજો
અપરાધીને ક્ષમા આપજો
બાળકોને પ્રેમ આપજો
તરસ્યાને પાણી આપજો
દુખીને દિલાસો આપજો
હર કોઈ જીવને શાંતિ આપજો
ભુખ્યાને અન્ન આપજો
ઈર્ષ્યાળુને આશીર્વાદ આપજો.

## ૯નું સામ્રાજ્ય

નવરસ – શૃંગાર, વીર, હાસ્ય, કરૂણ, રૌદ્ર, ભયાનક, વિભત્સ, શાંત, અદ્‌ભુત.
નવરત્ન – માણેક, મસ્કત, કુલીહા, કુન્દ, નીલમ, પોખરાજ, ગોમેદ, લહસામીયા, મુંગા
નવગ્રહ – સુર્ય, ચંદ્ર, રાહુ, બુધ, ગુરૂ, મંગળ, શુક્ર, શનિ અને કેતું.
નવભક્તિ – શ્રવણ, કીતેન, સ્મરણ, પાદ સેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન..
નવતત્વ – આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, કાળ, દિશા, આત્મા અને મન.
વિક્રમ રાજાના નવરત્ન–ધન્વતરી, ક્ષપણક, અમરસિંહ, બૈતલા, શંકુ, વરાહમિહિર, ઘટસર્પ, ઘાણ અને કાલિદાસ.
અકબરના નવરત્ન – બિરબલ, તોડરમલ, અબ્દુલ ફઝલ, ફૈજી, માનસિંગ, અબ્દુલ રહિમ, ખાનાખાના, તાનસેન અને ભગવાનદાસ
નવપદ – અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપ.

*વિવિધા સમાપ્ત...*

*Good news*    *Good news*

**ALL GENERAL ITEMS AND COSMETICS**
**AT LESSTHAN M.R.P.**
**also Available**
**ICE CREAMS AND KULFI**

at **MARU TRADERS**

**WHOLESALE & RETAIL**

3-4-306/6, Lingampally, Opp. Old Basant Talkies, Kachiguda, Hyderabad 500 027.
Phone : 2756 0007, 2756 8595.

***Vipul Maru***
**93910 13120**

***Tejas Maru***
**98857 35509**

*With best wishes from*
***Ras Manjari Ice Creams***

(જા.ખ. H-2429, Oct.09)



# શ્રી કુલપાક તીર્થ યાત્રી સંઘ

(રજીસ્ટ્રેશન નં. ૧૬૪/૨૦૦૯)
કાચીગુડા, હૈદરાબાદ
**હંસકુમાર સાયલા** (સંચાલક),
૩-૪-૨૧૫/એ, આર.કે. કોમ્પલેક્સ, ફ્લેટ નંબર ૧૦૧,
૧લે માળે, બેંક ઑફ ઇંડિયાની ઉપર, કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ-૨૭.
ફોન. ૨૭૫૬૨૫૪૫, ૬૬૩૬૨૫૪૫.

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડા થી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા હોય છે. નકરો વ્યક્તિ દીઠ ફક્ત રૂા. ૫૦/- છે તથા સંઘપતિનો નકરો રૂા.૫૧૦૦/ છે. ૪ ઑકટોબર ૨૦૦૯ના બે બસ દ્વારા યાત્રાનો કાર્યક્રમ અતિવૃષ્ટીના કારણે મુલતવી રાખવામાં આવેલ. "સંકલ્પ અનુદાન પત્ર"ના લકી ડીપનું કાર્યક્રમ પણ ત્યારેજ ગોઠવામાં આવશે. ત્યાર સુધી અનુદાનના પત્રોનુ વિતરણ ચાલુજ છે.

## કાયમી સંઘપતિ યોજના

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ કાચીગુડા, હૈદરાબાદના ઉપક્રમેં સન્ ૨૦૧૧ થી કાર્યાન્વીત થનાર "કાયમી સંઘપતી યોજના" અંતર્ગત તમારા પસંદગીના મહિનાનો કાયમી સંઘ પતિ બનવાનો લાભ રૂા. ૧,૧૧,૧૧૧.૦૦ માં રાખવામાં આવેલ છે. કાયમી સંઘપતીને શ્રી સંઘના ટ્રસ્ટી પદે નિમણુક કરવામાં આવશે. આવા સુંદર તકનો લાભ લેવા ભાગ્યશાળીઓ વેલી તકે આગળ આવે. એવી શ્રી સંઘ તરફથી અપીલ કરવામાં આવે છે.

શ્રી સંઘના સશક્ત કાર્યકર્તાઓના સભ્યપદ માટે રૂા. ૫૦૧.૦૦ ભરી આજીવન સભ્ય બનવા ખાસ આગ્રહ ભરી વિનંતી છે. નજદીકના ભવિષ્યમાં આજીવન સભાસદના હિત માટે યોજના નક્કી કરવામાં આવશે તે આજીવન સભ્યોના હીતમાં રાખશે. શ્રી સંઘનું કાર્ય અવિરત અને સુગમતાપૂર્વક ચાલશે.

---

વિજ્ઞાપન સૌજન્ય : **માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા પરિવાર,**
કચ્છ ગામ લાયજા, હાલ - મુંબઈ
હસ્તે : **શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા**
**ના નૂતન વર્ષાભીનંદન** (જા.ખ.F-2190 Oct. 09)

# CHAITANYA

પૌષ્ટીક અને સ્વાદિષ્ટ

# ચિક્કીસ

**કાજુ ગુલાબ** **પીસ્તા** **કાજુ**

**મીક્સ ડ્રાયફ્રુટ** **બદામ પીસ્તા**

**ડ્રાયફ્રુટ સ્પેશયલ**
**અડદીયા ચિક્કી**

***No Colours * No Flavours * All Natural***

***More Dry Fruits & Less Sugar***

**દશેરા, દિવાળી અને અન્ય પ્રસંગો માટે સ્પેશીયલ ગીફ્ટ પેકીંગમાં મળશે.**

*Regular Pack and Spl. Gift Pack*
*Starts from Rs.* **90/-** *Onwards*

મેળવવાનું સ્થળ :

**અરૂણાબેન સાવલા**
ફ્લેટ નં. ૩૦૧, લીલમ રેસીડેન્સી,
શાલીની હૉસ્પીટલની સામે,
બરકતપુરા, હૈદરાબાદ - ૫૦૦ ૦૨૭.
ફોન : ૨૭૫૬૨૨૪૩, ૨૭૫૬૬૦૩૪,
મો. : ૯૩૪૭૯ ૫૫૫૯૫

ઉત્પાદક :

**ચૈતન્ય મસાલા સ્ટોર**
૯-૧૧,
કોણાર્ક થિયેટરની સામે,
દિલસુખનાગર,
હૈદરાબાદ-૫૦૦ ૦૬૦
ફોન : ૦૪૦-૨૪૦૬૫૮૯૩

(જા.ખ. F-2180 July 09)

સ્થાપના : ગાંધી જયંતિ ૧૯૭૪ લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ !! ફોન : ૨૪૭૫૫૩૩૧



# ગાંધી જ્ઞાન મંદિર યોગ કેન્દ્ર



**(સર્વોદય વિચાર પ્રચાર ટ્રસ્ટ સંચાલિત)**

**યોગ સ્ટ્રીટ, કોઠી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫**

Visit us : www.yogasimplified.com Ph : Dr. Praveen Kapadia - 6673 5331, 6461 5331.
Ravindra - 6673 2484, 2476 5331, Anshul - 92465 75331, Vaishali - 94412 55331.

- યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન સાધનાનું **વિશ્વ વિખ્યાત યોગ કેન્દ્ર** ................
- અત્યાર સુધી **૩,૦૦,૦૦૦ થી વધુ** વ્યક્તિઓએ લાભ લીધેલ છે.....
- છેલ્લા ૩૦ વર્ષથી એક પણ દિવસની રજા વગર નિયમિત યોગ શિક્ષણ આપવાનું **વિશ્વ વિક્રમ** ધરાવતું કેન્દ્ર
- પ્રતિદિન મુખ્ય કેન્દ્રમાં **૫૦૦ થી વધુ** સાધકો યોગ સાધના માટે આવે છે.....
- અન્ય શાખા કેન્દ્રોમાં રોજ **૧૦,૦૦૦ થી વધુ** લોકો નિયમિત યોગાભ્યાસ કરીને જીવન સુખમય બનાવે છે.
- ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, અસ્થમા, સ્પોન્ડીલાઈટીસ, ગરદન, કમર તથા સાંધાનાં દુઃખાવા, મેદવૃધ્ધિ, ગેસ્ટ્રીક ટ્રબલ, કબ્જીયાત, ટેન્શન, નિરાશા જેવી શરીર-મનની અનેકવિધ બીમારીઓ-તકલીફોની **સુપર સ્પેશિયાલિસ્ટ ગેરન્ટેડ ટ્રીટમેન્ટ** કેન્દ્રની મુખ્ય વિશેષતા છે. એટલેજ શહેરના દરેક મોટા ડોક્ટરો, હોસ્પીટલો પોતાના પેશેંટોને અહીં રોજ મોકલે છે....
- સવારના ૪.૩૦ વાગ્યાથી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી **સૌને અનુકુળ** એવા સમયે એક પછી એક **૧૨ સેશન્સ** ચાલે છે..
- **બ્હેનો માટે** અલગ ક્લાસ પણ હોય છે.....
- કચ્છી ભાઈ-બહેનો માટે **૭ દિવસ નિઃશુલ્ક યોગ શિક્ષણ** આપવામાં આવશે...
- મુખ્ય કેન્દ્રમાં આવી ન શકે એવા માટે **ઘરે પણ** યોગ શિક્ષણની વ્યવસ્થા છે.....
- **પ્રાકૃતિક ચિકિત્સા**-એનિમા, મસાજ, સ્ટીમબાથ વગેરેની કુશળ માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા છે.....
- અંકુરિત અન્નનો **પ્રાકૃતિક નાસ્તો** (રૂા. ૫) રોજ સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધી મળે છે.

## યોગાના નવા કલાસ દર મહિનાના ત્રીજા સોમવાર શરૂ થશે.

**અદભૂત – અકસીર–અનુભવ સિધ્ધ સરકાર માન્ય દેશ વિદેશમાં લોકપ્રિય આયુર્વેદિક ઔષધિઓ**

### સંપૂર્ણ આરોગ્યામૃતમ્
ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર, અસ્થમા, દરેક જાતના તાવ, કમળો, દુઃખાવો, પેટ-લીવર-કિડનીના રોગ, બહુમુત્ર, બળતરા, સોજા વિ.ના નિવારણ હેતુ.....

### સૌદર્યામૃતમ્
મેદ વૃધ્ધિ દૂર કરીને શરીરને સપ્રમાણ-સુંદર બનાવવા માટે...

### ઉદરામૃતમ્
ગેસ, એસીડીટી, અપચો, અરૂચિ, કબજીઆત દૂર કરવા માટે...

### દંતામૃતમ્
દાંતોના દુઃખાવા, લોહી પડવા, પાયોરીઆ વિ.થી પૂર્ણ મુક્તિ માટે..

### કેશામૃતમ્
સુંદર-લાંબા, દ્રઢ-કાળા વાળો માટે તથા ખોડા-સફેદ વાળ વિ.થી સંપૂર્ણ મુક્તિ માટે...

### અમૃત તૈલમ્
શરીર વેદના, સાંધાના દર્દ, સંધિવાત, આમ વાત, સર્વાંગ વાત દૂર કરવા માટેનું માલીશ તેલ..

### ચ્યવન પ્રાશાવલેહ
શરીર-મનની શક્તિ, ચહેરાની રોનક, કાંતિ, ધાતુ શક્તિ વધારવા માટે.....

### મનસામૃતમ્
મનની શાંતિ, યાદ શક્તિ, એકાગ્રતા વધારવા તથા અનિદ્રા, માનસિક તાણ, ભય દૂર કરવા માટે..

### સંપૂર્ણ શ્વાસનામૃતમ્
ખાંસી, શરદી, એલર્જી, દમ દૂર કરવા માટે...

**નિર્માતા : બેટર હેલ્થ પ્રોડક્ટસ્**

(Mg. Dir. **ડૉ. પ્રવીણ કાપડિયા** (કચ્છ - પત્રીવાલા) ફોન.૨૪૭૫૫૩૩૧, ૯૨૪૬૫ ૭૫૩૩૧)
યોગ-આનંદ, પ્રેમબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫, ફોન (૦૪૦) - ૨૪૭૫૨૮૪૮, ૯૨૪૬૧૮૨૪૮૪

**મંડળનો મેડીકલ કાર્ડ લઈને આવતાં ઉપરોક્ત બધી દવાઓ ઉપર ૧૦ ટકા ડીસ્કાઉંટ આપવામાં આવશે.**
**સ્થળ : ગાંધી જ્ઞાન મંદિર સમય : સવારના ૭.૦૦ થી ૧૨.૦૦, સાંજના ૫.૦૦ થી ૭.૦૦**
**દર મહિનાના ત્રીજા સોમવાર થી યોગા અને મેડિટેશન કોર્સ શરૂ થશે.** (જા.ખ. F-1160, July 09)

24